પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૧ | ૨૨ જાન્યુઆરી, ૨૦૨૧, શુક્રવાર; પોષ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પૂણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં ભીષણ આગ

**આગથી પાંચનાં મોત : તપાસનાં આદેશ : દેશની જાણીતી ફાર્મા કંપનીમાં કોરોના વેક્સિન કોવિશિલ્ડ બની રહી છે : અંડર કન્સ્ટ્રક્શન બિલ્ડિંગમાં આગ લાગી, બિલ્ડિંગમાં વેલ્ડિંગ-ઇલેક્ટ્રિક્સ કામ ચાલી રહ્યું હતું, કોરોનાની વેક્સિન જૂના મકાનમાં તૈયાર થઈ રહી હતી**

પૂણે, તા. ૨૧

કોરોના સામેની લડાઈમાં કોવિશીલ્ડ રસી બનાવવાનું કામ કરી રહેલી પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટ આગ લાગી હોવાની ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આ ઘટનામાં ૫ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. ઉદ્ધવ ઠાકરેએ આગની ઘટનાને લઈને



ઘટના બની. પુણે પોલીસ કમિશનરના જણાવ્યા પ્રમાણે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. આગની ઘટનાને લઈને તપાસના આદેશ આપ્યા છે. અહીં અંડર કન્સ્ટ્રક્શન બિલ્ડિંગમાં આગ લાગી હતી. મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રીએ આ સ્પષ્ટતા કરી



છે. બિલ્ડિંગમાં વેલ્ડિંગ અને ઈલેક્ટ્રિક્સ કામ ચાલી રહ્યું હતું. સીરમ ઈન્સ્ટિટ્યુટની નવી બિલ્ડિંગના બીજા માળે આગ લાગી હતી.

આ ઘટના પર નજર રાખી રહી છે. સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાના ટર્મિનલ ૧ ગેટ પર આગ લાગી ગઈ છે. આગ લાગવાનું કારણ હજુ સ્પષ્ટ થયું



ફાયર બ્રિગેડની ૧૫ ગાડીઓ ઘટના સ્થળે છે. સાથે જ એનડીઆરએફની ટીમ પણ પહોંચી ગઈ છે. મહારાષ્ટ્ર સરકાર નથી. ઘટનાસ્થળે પહોંચેલી ગાડીઓ આગ ઓલવવામાં લાગી છે. ઉલ્લેખનીય છે કે સીરમ

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રેક્ટર માર્ચ દિલ્હીના આઉટર રિંગ રોડ ઉપર કાઢવા મક્કમ

**ખેડૂતોને સમજાવવામાં પોલીસ પણ નિષ્ફળ : ખેડૂત સંગઠનો, દિલ્હી, હરિયાણા, યુપી પોલીસ વચ્ચે આજે બેઠકમાં રેલી મુદ્દે મડાગાંઠ યથાવત**

નવી દિલ્હી, તા. ૨૧

નવા કૃષિ કાયદાઓ વિરુદ્ધ ખેડૂતોનું આંદોલન ચાલુ જ છે. અનેક વખત સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે મંત્રણા થવા છતાં તેનો ઉકેલ આવ્યો નથી. આવામાં ખેડૂતોએ આગામી ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીમાં ટ્રેક્ટર રેલી કાઢવાની જાહેરાત કરી છે. તેઓ પોતાના નિર્ણય અંગે અડગ છે. આવામાં ખેડૂત સંગઠનો, દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ પોલીસ વચ્ચે આજે બેઠક થઈ હતી.

બેઠકમાં ટ્રેક્ટર રેલી અંગે ચર્ચા થઈ હતી. જ્યારે ખેડૂતોએ બેઠકમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે, તેઓ દિલ્હીના આઉટર રિંગ રોડ પર ટ્રેક્ટર માર્ચ કાઢશે. જ્યારે દિલ્હી પોલીસે ખેડૂતોને કેએમપી હાઈવેનો વિકલ્પ આપ્યો. દિલ્હી પોલીસનું કહેવું હતું કે, પ્રજાસત્તાક દિને આઉટર રિંગ રોડ પર ટ્રેક્ટર રેલીને પરવાનગી નહીં આપી શકે.

બીજી બાજુ, ખેડૂતો અને સરકાર વચ્ચેની મડાગાંઠના મુદ્દે બુધવારે ૧૦મા તબક્કાની મેરેથોન મંત્રણામાં પણ કોઈ નક્કર ઉકેલ લાવી શકાયો ન હતો.

## જેક મા દેખાતા અલીબાબા જૂથની માર્કેટ કેપ વધી

નવી દિલ્હી, તા. ૨૧

ચીનના જાણીતા ઉદ્યોગપતિ જેક મા લાંબા સમય બાદ બુધવારે જોવા મળ્યાં હતાં. જેક મા અઢી મહિના પછી બુધવારે ઓનલાઈન વીડિયોમાં દેખાયા હતા. ૫૦ સેકન્ડના વીડિયોમાં માએ તેમના ફાઉન્ડેશનને ટેકો આપનારા શિક્ષકોને અભિનંદન આપ્યા હતા. આ દરમિયાન તેમણે ચીનની સરકાર વિશે કંઈ પણ કહેવાનું ટાળ્યું હતું. જ્યારે ચીનની સરકારની કાર્યવાહીથી તેમનો બિઝનેસ સંકટમાં આવી ગયો હતો. લાંબા સમય બાદ જેક માની એક ઝલક રોકાણકારોમાં ઉત્સાહ ભરવા માટે પૂરતી હતી.

જેક મા બુધવારે એક લાઈવ સ્ટ્રીમિંગ વીડિયો કોન્ફરન્સમાં સામેલ થયા હતા. જે બાદ અલીબાબા ગ્રુપ હોલ્ડિંગ લિમિટેડની માર્કેટ વેલ્યૂ એક જ દિવસમાં ૫૮ અબજ ડોલર વધી ગઈ. જેક મા ગયા વર્ષના અંતથી જ ગાયબ હતા અને તેમના વિશે અનેક પ્રકારના કયાસ લગાડવામાં આવી રહ્યાં હતાં.

## પ્રધાનમંત્રી મોદી બીજા તબક્કામાં વેક્સિન લેશે

**તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ વેક્સિન આપવામાં આવશે : વર્તમાન લોકસભામાં ૩૦૦થી વધુ અને રાજ્યસભામાં ૨૦૦થી વધુ સાંસદ : બીજા તબક્કામાં ૫૦ વર્ષથી વધુ વયના લોકોને રસી અપાશે**

ન્યુ દિલ્હી,તા.૨૧

નવુ વર્ષ ભારતના લોકો માટે નવી આશાઓ



લઈને આવ્યુ, જ્યાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વાયરસ સામે રાષ્ટ્રીય રસીકરણ અભિયાન શરૂ થઈ ગયુ. આ અભિયાનના પહેલા તબક્કામાં આરોગ્યકર્મીઓ અને ફ્રંટલાઈન વર્કર્સને સીરમ ઈન્સ્ટીટ્યુટ અને ભારત બાયોટેકની રસી આપવામાં આવી રહી હતી. ત્યારબાદ બીજા તબક્કાનુ રસીકરણ અભિયાન શરૂ થશે જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત બધા રાજ્યોના મુખ્યમંત્રીઓ રસી મૂકવામાં આવશે.

વાસ્તવમાં રસીકરણની શરૂઆતથી જ આ સવાલ ઉઠી રહ્યા હતા કે પીએમ, કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી અને અન્ય મોટા નેતા કોરોનાની રસી કેમ નથી લઈ રહ્યા. અમુક લોકો અફવાઓ પણ ફેલાવી રહ્યા હતા કે રસી વધુ

● અનુસંધાન પાન-૭ પર


## સેન્સેક્સ ૫૦ હજારની ઐતિહાસિક સપાટીએ

મુંબઈ,તા.૨૧

અવિરત તેજી વચ્ચે આજે સેન્સેક્સે પોતાની ૫૦ હજારની ઐતિહાસિક સપાટી વટાવી હતી. જોકે, ત્યારબાદ વેચવાલીને પગલે બીએસઈ પર આજે સૌથી વધુ વધનારા શેર્સમાં બજાજ ફાઈનાન્સ, બજાજ ઓટો અને રિલાયન્સ ટોપ પર રહ્યા હતા. સેન્સેક્સ રેકોર્ડ હાઈ પર પહોંચતા ટકા ઉછળીને ૫૧૨૦ પર બંધ આવ્યો હતો. બીજી તરફ, ટેસ્લા સાથેના જોડાણની અટકળો વચ્ચે ટાટા મોટર્સમાં આજે પણ આગેકૂચ યથાવત રહી હતી. તેનો શેર આજે ૨૦૯૯ પર બંધ આવ્યો હતો.

આ સિવાય આજે આયશર મોટર્સ, યુપીએલ, બજાજ ફીનસર્વ, એક્સિસ બેંક વધારા સાથે બંધ થયા હતા, જ્યારે ઓએનજીસી, ટાટા સ્ટીલ, ગેઈલ, કોલ ઈન્ડિયા,

**૫૦ હજારને પાર પહોંચેલો સેન્સેક્સ ૧૬૭ અંક ઘટી ૪૯૬૨૪ પર બંધ : સેન્સેક્સમાં ૧૦ મહિનામાં ૨૫ હજાર પોઇન્ટની તેજી, નિફ્ટી ૫૪ અંક ઘટી ૧૪૫૯૦ની સપાટીએ બંધ, સેન્સેક્સ રેકોર્ડ હાઈ પર પહોંચતા રોકાણકારોએ મિનિટોમાં જ કમાઈ લીધા ૧ લાખ કરોડ રૂપિયા**



૫૦,૧૮૪ની સર્વોચ્ચ સપાટીએ પહોંચેલો સેન્સેક્સ ૧૬૭પોઈન્ટ્સ ઘટીને ૪૯,૬૨૪ પર બંધ આવ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૪ અંક ઘટી ૧૪૫૯૦ પર બંધ થયો હતો. રોકાણકારોએ મિનિટોમાં જ ૧ લાખ કરોડની કમાણી કરી હતી.

બજાજ ફાઈનાન્સ ગઈકાલે રિઝલ્ટ્સ જાહેર થયા બાદ આજે ખાસ્સો સુધર્યો હતો, અને ૨.૭૯ ૫.૭૧ ટકાના ઉછાળા સાથે ૨૯૦ રુપિયા પર બંધ થયો હતો. રિલાયન્સમાં પણ આજે સારી એવી તેજી જોવા મળી હતી, અને તેનો શેર ૨.૧૮ ટકાના વધારા સાથે બ્રિટાનિયા, એશિયન પેઈન્ટ્સ, એચયુએલ, આઈસીઆઈસીઆઈ બેંક, નેસલે, વિપ્રો, ઈન્ફોસિસ અને એસબીઆઈ બેંક, ભારતી એરટેલ, અને ટીસીએસ સામાન્ય ઘટાડા સાથે બંધ થયા હતા.

## સત્તા સંભાળતા જ બાઈડને ટ્રમ્પના આઠ નિર્ણયો પલ્ટાવ્યાં

વોશિંગ્ટન,તા.૨૧

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનને સત્તા સંભાળતાંની સાથે જ તેઓ એકશનમાં આવી ગયા છે. બાઈડેને એક પછી એક તેમના પુરોગામી ડોનાલ્ડ ટ્રમ્પના અનેક

**અમેરિકામાં ૧૦૦ દિવસ માટે માસ્ક પહેરવું ફરજીયાત : અમેરિકા પેરિસ સમજૂતીમાં ફરી સામેલ થશે, ડબલ્યુએચઓમાંથી હટી જવાનો ફેંસલો અટકાવ્યો, ટ્રમ્પ પ્રસાશને જે મુસ્લિમ દેશોમાં પ્રતિબંધ ફરમાવ્યો હતો તેને પરત લીધો : બોર્ડર પર દિવાલ બનાવવાનો ફેંસલો અટકાવ્યો : ફન્ડીંગ પણ અટકાવ્યું, રંગભેદને સમાપ્ત કરવા પણ એલાન : પ્રવાસીઓને રાહત આપતા કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા : ૧.૧ કરોડ એવા પ્રવાસીઓને ફાયદો થશે જેની પાસે કોઇ કાયદાકીય દસ્તાવેજ નથી**



નિર્ણયોને રદ કરીને ઘણા કાર્યકારી આદેશો પર હસ્તાક્ષર કર્યા છે. દરમ્યાન બાઈડેને પણ પ્રવાસીઓને રાહત આપતા એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. આ આદેશથી ૧.૧ કરોડ એવા પ્રવાસીઓને ફાયદો થશે જેની પાસે કોઈ કાયદાકીય દસ્તાવેજ નથી. તેમાં લગભગ ૫ લાખ ભારતીય છે.

બાઈડને કોરોના વાઈરસ અંગેના ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા, જેના હેઠળ માસ્કને ફેડરલ પ્રોપર્ટી જાહેર કરાઈ છે, એટલે કે દરેક વ્યક્તિએ મહામારી દરમિયાન માસ્ક પહેરવું જરૂરી રહેશે. જો તમે સરકારી બિલ્ડિંગમાં છો અથવા કોરોના હેલ્થવર્કર છો તો સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવું ફરજિયાત હશે. ટ્રમ્પે માસ્ક માટે કોઈ સખતાઈ નહોતી કરી.

જો બાઈડેને શપથ લીધા બાદ સૌપ્રથમ ઈમિગ્રેશન સિસ્ટમમાં સંપૂર્ણપણે ફેરફાર કરવાનું શરૂ કર્યું. તેમના આદેશો હેઠળ ઘણા દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા જે ટ્રમ્પના વિવાદાસ્પદ ઈમિગ્રેશન નીતિઓને બદલનાર છે. જો બાઈડેને અમેરિકન કોંગ્રેસને વિનંતી કરી છે કે ૧.૧ કરોડ ગેરકાયદેસર પ્રવાસીઓની સ્થાયી દરજ્જો અને તેમના નાગરિકત્વ માટેનો માર્ગ મોકળો કરતાં કાયમી દરજ્જાની ખાતરી કરવા માટેનો કાયદો બનાવ્યો. એક અનુમાન મુજબ ભારતીય મૂળના લગભગ ૫ લાખ લોકો એવા છે કે જેમની પાસે કાયદાકીય દસ્તાવેજો નથી.

અમેરિકા હવે પેરિસ સમજૂતીમાં ફરી સામેલ થશે. ટ્રમ્પે ૨૦૧૯માં આ સમજૂતીથી બહાર જવાનો નિર્ણય કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારત, ચીન અને રશિયા પ્રદૂષણને વધારી રહ્યા છે, સાથે જ અમેરિકા આ મામલામાં સારી કામગીરી કરી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે આ સમજૂતીથી બહાર થયા પછી અમેરિકા ૭૦ વર્ષમાં પહેલી વખત ઓઈલ અને કુદરતી ગેસનું નંબર વન ઉત્પાદક બની ગયું છે.

બાઈડને મેક્સિકો બોર્ડરના ફંડિંગ પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. ટ્રમ્પે મેક્સિકોથી આવતા પ્રવાસીઓને જોતાં દીવાલ બનાવવાને નેશનલ ઈમર્જન્સી ગણાવી હતી.

## આજે જે કંઈ પણ છું તેનો શ્રેય માતાને જાય છેઃ કમલા હેરિસ



ન્યુયોર્ક, તા. ૨૧

અમેરિકાના ઈતિહાસમાં કમલા હેરિસ ઉપરાષ્ટ્રપતિ તરીકે શપણ ગ્રહણ કરનાર સૌપ્રથમ મહિલા બન્યા છે. કમલા હેરિસે આ અભૂતપૂર્વ પ્રસંગે પોતાના ભારતીય માતાને યાદ કરી તેઓ આજે જે કંઈ પણ બની શક્યા છે તેનો શ્રેય તેમની માતાને આપ્યો હતો. કમલા હેરિસે કહ્યું કે, મારી માતાએ મારામાં વિશ્વાસ વ્યક્ત કર્યો અને હંમેશા તેમની બે દીકરીઓને યાદ કરાવતા હતા કે આપણે પ્રથમ હોઈ શકીએ છીએ પરંતુ આપણે અંતિમ ના હોઈ શકીએ.

કમલા હેરિસે તેમના સ્વર્ગસ્થ માતા અને કેન્સર સંશોધક તેમજ નાગરિક અધિકાર કાર્યકર્તા શ્યામલા ગોપાલનને યાદ કરતા કહ્યું હતું કે તેમણે ભણાવેલા પાઠ તેઓએ હંમેશા જીવનમાં આત્મસાત કર્યા છે

## આધાર કાર્ડ લિંક કર્યા વીના પણ LPGની સબસીડી મળી શકશે

નવી દિલ્હી, તા. ૨૧

કેન્દ્ર સરકાર રસોઈ ગેસ સિલીન્ડરનું બુકિંગ કરતા તેની સબસિડી સીધી ગ્રાહકના બેંક એકાઉન્ટમાં મોકલવામાં આવે છે. સામાન્ય રીતે સબસિડી મેળવવા માટે તમારે તમારું ગેસ કનેક્શનની સાથે આધાર કાર્ડને લિંક કરાવવું ખુબ જ જરૂરી છે. જો તમારી પાસે આધાર કાર્ડ નથી અથવા તો કોઈ કારણસર આધાર કાર્ડને બેંક અથવા એલપીજી કનેક્શનની સાથે લિંક કરી શકાય નથી તો હવે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આધાર કાર્ડ લિંક કર્યા વગર પણ તમને ગેસ સબસિડી મળી શકે છે. બસ તેના માટે તમારે એક કામ કરવું પડશે.

ગેસ સબસીડી મેળવવા માટે ગ્રાહકે પોતાની ગેસ એજન્સીમાં જઈને એલપીજી ડિસ્ટ્રીબ્યૂટરને બેંક એકાઉન્ટનો નંબર આપવો પડશે. ત્યારબાદ ગ્રાહકની સબસિડીની રકમ સીધી બેંક એકાઉન્ટમાં જમા થઈ જશે. બેંક એકાઉન્ટની જાણકારીની સાથે

● અનુસંધાન પાન-૭ પર

FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.